# પારુલ ઈન્સ્ટિટ્યૂટમાં ડિગ્રી એન્જિ.ની ૩૦૦ બેઠકો વધી

**ભાસ્કર ન્યૂઝ. વડોદરા**

શહેરના વાઘોડિયાના લીમડા ખાતે આવેલી પારુલ સંસ્થાની ટેકનોલોજી ઈન્સ્ટિટયૂટમાં એન્જિનિયરિંગ ડિગ્રી કોર્સમાં નવી ૩૦૦ બેઠકોની મંજૂરી તથા એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી ડિગ્રી કોર્સની જૂની કોલેજેમાં નવી ૧૨૦ બેઠકોનો વધારો થતાં ડિગ્રી એન્જિનિયરિંગના કોર્સમાં કુલ બેઠકો ૧૦૨૦ થશે.

કોલેજના મેનેજિંગ ટ્રસ્ટી ડૉ. દેવાંશુ પટેલે જણાવ્યું હતું કે, ચાલુ શૈક્ષણિક વર્ષમાં ડિગ્રી એન્જિનિયરિંગ કોલેજ ઉપરાંત પોસ્ટ ગ્રેજ્યુએટના એમ.ઈ.ના કોર્સમાં પણ ૭૨ બેઠકોનો વધારો થયો છે. જેમાં થર્મલ એન્જિનિયરિંગની ૧૮, ઈસીની ૧૮, કમ્પ્યૂટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગની ૩૬ બેઠકોનો સમાવેશ થાય છે. પારુલ ઈન્સિ. ઓફ ફાર્મસી અને બરોડા કોલેજ ઓફ ફાર્મસીમાં પી.જી. (એમ.ફાર્મ)માં પણ ૧૨૬ બેઠકોની મંજૂરી મળી છે. આ ૧૨૬ બેઠકો સાથે હવે ફાર્મસીમાં ૧૬૪ બેઠકો થશે. ફાર્મસીમાં ડોકટર ઓફ ફાર્મસી (ફાર્મ.ડી.)નો નવો ૬ વર્ષનો કોર્સ પી.સી.આઈ. દ્વારા ગુજરાતમાં સૌપ્રથમવાર મંજૂર થયો છે. સ્નાતકકક્ષાની કુલ ૪૦ બેઠકો થશે. ડૉ. જે.કે.પટેલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ અને પારુલ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટમાં એમ.બી.એ.માં વધારાની ૨૪૦ બેઠકોની મંજૂરી મળી છે. બીબીએના નવા કોર્સ માટે ૧૫૦ બેઠકોની મંજૂરી મળી છે.